# Fasenra® (benralizumab)

# તમારા ગંભીર અસ્થમાની સારવાર વિશે ઉપયોગી માહિતી

**તમારી દર્દી માહિતી પુસ્તિકામાં આપનું સ્વાગત છે!**

આ પુસ્તિકામાં તમને મળશે:


- **Fasenra દર્દીની માહિતી** (પૃષ્ઠો 2 થી 6)
- **Fasenra ના સ્વ-વહીવટ માટેની સૂચનાઓ** (પૃષ્ઠો 7 થી 11)
- **તમારી Fasenra સારવાર યોજના** (પૃષ્ઠો 12 થી 18)


**આ પુસ્તિકા યુકેના દર્દીઓ માટે છે જેમને ગંભીર ઇઓસિનોફિલિક અસ્થમા માટે Fasenra સૂચવવામાં આવી છે.** તે દર્દીની માહિતી પત્રિકાને બદલતું નથી જે તમારે આ પુસ્તિકા સાથે વાંચવું જોઈએ અને જે Fasenra ના દરેક પેકમાં મળી શકે છે.

Fasenra 360°

**તમારી સારવારના માર્ગમાં સતત સહાય**

**દર્દી હોટલાઇન:**
**08004 700329**

સોમવાર-શુક્રવાર સવારે 8 થી સાંજે 6 વાગ્યા સુધી | શનિવાર સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી
કામકાજના કલાકો સિવાય કૃપા કરીને તમારા ડૉક્ટર, નર્સ અથવા ફાર્માસિસ્ટનો સંપર્ક કરો, અથવા કટોકટીની સ્થિતિમાં 999 પર કૉલ કરો.

**આ પુસ્તિકાને** Fasenra ના ઉત્પાદક AstraZeneca **દ્વારા** વિકસાવવામાં આવી છે અને તેના દ્વારા જ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.



GB-66173 | **ઓગસ્ટ** 2025


# ઈઓસિનોફિલિક અસ્થમા શું છે?

**ઈઓસિનોફિલ્સ એક પ્રકારના શ્વેત રક્તકણો છે. આ કોષો તમારા શરીરને ચોક્કસ ચેપથી બચાવવા માટે કાર્ય કરે છે.**

સામાન્ય રીતે, ઈઓસિનોફિલ્સ તમારા શરીરમાં થોડા સમય માટે રહે છે અને એકવાર તેઓ તેમનું કાર્ય પૂર્ણ કરી લે છે, પછી તમારું શરીર તેમને દૂર કરે છે.

પરંતુ ઈઓસિનોફિલિક અસ્થમાથી પીડિત લોકોમાં, લોહીમાં ઘણા બધા ઈઓસિનોફિલ્સ હોય છે, જે ફેફસામાં સ્થળાંતર કરે છે, જેના કારણે બળતરા થાય છે, જેના પરિણામે શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

તમારા ડૉક્ટરે તારણ કાઢ્યું છે કે તમારા અસ્થમાના લક્ષણો ઈઓસિનોફિલ્સના ઉચ્ચ સ્તર સાથે સંકળાયેલા છે.



# તમારા ડૉક્ટરે Fasenra શા માટે સૂચવ્યું છે?

**Fasenra એ ગંભીર ઇઓસિનોફિલિક અસ્થમા માટે એક ઈન્જેક્ટેબલ સારવાર છે જે સીધા ઈઓસિનોફિલ્સને લક્ષ્ય બનાવે છે, જે તમારા શરીરને તમારા લોહી અને ફેફસાંમાંથી તેમને દૂર કરવામાં મદદ કરે છે.**

આનાથી તમને થતા અસ્થમાના હુમલાની સંખ્યા ઓછી થઈ શકે છે, તમને વધુ સારી રીતે શ્વાસ લેવામાં મદદ મળશે અને તમારા અસ્થમાના લક્ષણોમાં ઘટાડો થશે.

તમારા ડૉક્ટરે તમારા માટે સૂચવેલી અન્ય કોઈપણ અસ્થમા સારવાર (ઈન્હેલર્સ/ટેબલ્સ) લેતા રહેવું મહત્વપૂર્ણ છે.



**જો તમે 'મોં વાટે લેવાતા કોર્ટિકોસ્ટેરોઇડ્સ' લઈ રહ્યા છો, તો Fasenra નો ઉપયોગ કરવાથી પણ તમે તમારા અસ્થમાને નિયંત્રિત કરવા માટે જરૂરી દૈનિક ડોઝ ઘટાડી શકો છો અથવા તેમને લેવાનું સંપૂર્ણપણે બંધ કરી શકો છો. આ અંગે તમારે તમારા ડૉક્ટરની સલાહનું પાલન કરવું જોઈએ.**

# તમે તમારા Fasenra ઈન્જેક્શન કેવી રીતે મેળવશો?

**ડૉક્ટર, નર્સ અથવા અન્ય આરોગ્યસંભાળ વ્યવસાયિક તમને તમારા હાથના ઉપરના ભાગ, પેટ અથવા જાંઘમાં બરાબર ત્વચાની નીચે ઈન્જેક્શન આપશે.**

જ્યાં સુધી તમારા ડૉક્ટર અથવા નર્સ દ્વારા તમને કંઈક અલગ રીતે કરવાનું કહેવામાં ન આવે, ત્યાં સુધી તમારી સારવારનું સમયપત્રક નીચે બતાવેલ મુજબ રહેશે:

## Fasenra સાથે તમારી પ્રથમ વર્ષની સારવાર




**પ્રથમ 3 ડોઝ દર 4 અઠવાડિયામાં એકવાર**

**પછી દર 8 અઠવાડિયે એકવાર**

**જો તમે તમારી Fasenra ની એપોઈન્ટમેન્ટ ન લઈ શકો અથવા Fasenra ના ડોઝ ચૂકી ગયા હોવ તો:** તમારી એપોઈન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરવા માટે શક્ય તેટલી વહેલી તકે તમારા ડૉક્ટર અથવા નર્સનો સંપર્ક કરો.

**Fasenra સાથેની સારવાર બંધ કરવી:** જ્યાં સુધી તમારા ડૉક્ટર તમને સલાહ ન આપે ત્યાં સુધી Fasenra સાથે સારવાર બંધ કરશો નહીં. Fasenra સાથે સારવાર અટકાવવાથી અથવા બંધ કરવાથી તમારા અસ્થમાના લક્ષણો અને હુમલા આવવાનું ફરી શરૂ થઈ શકે છે.

# શું Fasenra સારવારથી કોઈ આડઅસર થાય છે?

**બધી દવાઓની જેમ, શક્ય છે કે તમે Fasenra સારવારથી કેટલીક આડઅસર અનુભવી શકો, પરંતુ દરેક વ્યક્તિ સાથે આવું થતું નથી.**

સામાન્ય આડઅસરો, જે 10 માંથી 1 અસ્થમાના દર્દીઓને અસર કરી શકે છે, તેમાં શામેલ છે:

- માથાનો દુખાવો
- ફેરીન્જાઈટિસ (ગળામાં દુખાવો)
- તાવ (ઉચ્ચ તાપમાન)
- ઈન્જેક્શન સાઈટ પર પ્રતિક્રિયા (દા.ત. ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું તેની બાજુમાં દુખાવો, લાલાશ, ખંજવાળ, સોજો)

**કેટલાક લોકોને એલર્જીક પ્રતિક્રિયાઓ થઈ શકે છે.**

આ પ્રતિક્રિયાઓ સામાન્ય છે (તેઓ 10 માંથી 1 વ્યક્તિને અસર કરી શકે છે)

લક્ષણોમાં સામાન્ય રીતે શામેલ છે:

- શિળસ
- ફોલ્લી

**જો તમને કોઈ આડઅસરો થાય તો કૃપા કરીને તમારા ડૉક્ટર, નર્સ અથવા ફાર્માસિસ્ટ સાથે વાત કરો**

કેટલાક કિસ્સાઓમાં, દર્દીઓને એનાફિલેક્સિસ તરીકે ઓળખાતી ગંભીર એલર્જીક પ્રતિક્રિયાનો અનુભવ થઈ શકે છે.

જોકે, ઉપલબ્ધ ડેટા દ્વારા આવર્તન નક્કી કરી શકાતું નથી. લક્ષણોમાં સામાન્ય રીતે શામેલ છે:

- તમારા ચહેરા, જીભ અથવા મોં પર સોજો
- શ્વાસ લેવામાં તકલીફ
- બેભાન થવું, ચક્કર આવવા, બેભાન થવા જેવું લાગવું (બ્લડ પ્રેશરમાં ઘટાડો થવાને કારણે)

**જો તમને લાગે કે તમને કદાચ એલર્જીક પ્રતિક્રિયા થઈ રહી છે, તો તાત્કાલિક તબીબી સહાય મેળવો.**

**આવી પ્રતિક્રિયાઓ ઈન્જેક્શન પછીના કલાકો અથવા દિવસોમાં થઈ શકે છે.**

સંભવિત આડઅસરો વિશે વધુ માહિતી માટે કૃપા કરીને Fasenra પેકમાં આપેલ દર્દી માહિતી પત્રિકાનો સંદર્ભ લો.

# તમારા ડૉક્ટરને જણાવો કે તમારી સારવાર કેવી રીતે ચાલી રહી છે

**તમારા ડૉક્ટર અથવા નર્સ જાણવા માંગશે કે તમારા અસ્થમાના લક્ષણોમાં સુધારો થઈ રહ્યો છે કે શું તે તમારા રોજિંદા જીવનને અસર કરવાનું ચાલુ રાખે છે.**

તમારી એપોઈન્ટમેન્ટ પહેલાં, નીચે આપેલા મુદ્દાઓ વિશે થોડી મિનિટો વિચાર કરો જેથી તમે કેવી રીતે આગળ વધી રહ્યાં છો તેનો તેમને એક સારો એકંદર ખ્યાલ આપી શકો.



### શ્વાસ લેવો

શું તમને ખાંસી આવે છે કે શ્વાસમાં સસણી બોલે છે?



### ઊંઘ લેવી

શું તમારો અસ્થમા તમને રાત્રિના સારી ઊંઘ લેવાથી રોકી રહ્યો છે?



### અસ્થમાના હુમલા

તમને કેટલી (જો કોઈ હોય તો) હતી?

તે કેટલી ખરાબ હતી?



### દૈનિક પ્રવૃત્તિઓ

શું તમે સારવાર શરૂ કરી તે પહેલાની સરખામણીમાં હવે ચોક્કસ પ્રવૃત્તિઓ (જેમ કે ખરીદી, ફરવા જવું) વધુ કરી શકો છો?

શું તમને અમુક પ્રવૃત્તિઓ કરવામાં કોઈ મુશ્કેલી પડી રહી છે?



### દવા

શું તમે સૂચના મુજબ તમારા પ્રિવેન્ટર ઈન્હેલર લઈ રહ્યા છો?

તમે તમારા રિલીવર ઈન્હેલરનો ઉપયોગ કેટલી વાર કરી રહ્યા છો?

તમે કેટલી કોર્ટીકોસ્ટેરોઈડ ગોળીઓ લઈ રહ્યા છો?

# વધુ માહિતી ક્યાંથી મેળવવી

જો તમને કોઈ પ્રશ્નો કે ચિંતાઓ હોય, તો તમારે તમારા ડૉક્ટર, નર્સ અથવા ફાર્માસિસ્ટ સાથે વાત કરવી જોઈએ. તમારે દર્દી માહિતી પત્રિકા પણ વાંચવી જોઈએ કારણ કે તેમાં ઉપયોગી માહિતી છે. તમને Fasenraના દરેક પેકમાં દર્દી માહિતી પત્રિકા મળી શકે છે.

# સ્વ-સંચાલિત FASENRA® (benralizumab) પહેલાથી ભરેલી પેન

તમારી Fasenra પેનનો ઉપયોગ કરતા પહેલા, તમારા આરોગ્યસંભાળ પ્રદાતાએ તમને અથવા તમારા સંભાળ રાખનારને તેનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે બતાવવું જોઈએ.

**તમારી Fasenra પેનનો ઉપયોગ શરૂ કરતા પહેલા અને દર વખતે રિફિલ મેળવતા પહેલા આ 'ઉપયોગ માટેની સૂચનાઓ' વાંચો.** નવી માહિતી હોઈ શકે છે. આ માહિતી તમારા આરોગ્યસંભાળ પ્રદાતા સાથે તમારી તબીબી પરિસ્થિતિ અથવા સારવાર વિશે વાત કરવાનું સ્થાન લેતી નથી.

જો તમને અથવા તમારા સંભાળ રાખનારને કોઈ પ્રશ્નો હોય, તો તમારા આરોગ્યસંભાળ પ્રદાતા સાથે વાત કરો.

## મહત્વપૂર્ણ માહિતી

**Fasenra ને જ્યાં સુધી તમે તેનો ઉપયોગ કરવા માટે તૈયાર ન થાઓ ત્યાં સુધી રેફ્રિજરેટરમાં 2°C થી 8°C તાપમાન વચ્ચે તેના કાર્ટનમાં જ રાખો.** Fasenra ને મહત્તમ 14 દિવસ માટે 25°C સુધી સામાન્ય તાપમાને રાખી શકાય છે. Fasenra ને રેફ્રિજરેટરમાંથી કાઢ્યા પછી, 14 દિવસની અંદર વાપરી લેવી જોઈએ અથવા ફેંકી દેવી જોઈએ.

| તમારી Fasenra પેનનો ઉપયોગ **કરશો નહીં** જો: | આ **ન કરો:** |
|---|---|
| • તે થીજી ગયું છે<br>• તે નીચે પડી ગઈ હોય કે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હોય<br>• કાર્ટન પરનું સુરક્ષા સીલ તૂટી ગયું છે.<br>• સમાપ્તિ તારીખ (expiry date, EXP) પસાર થઈ ગઈ હોય | • તમારી Fasenra પેનને હલાવવી<br>• તમારી Fasenra પેનને શેર કરવી કે ફરીથી ઉપયોગ કરવો |


જો ઉપરોક્તમાંથી કોઈ પણ થાય, તો Fasenra પેનને પંચર-પ્રતિરોધક તીક્ષ્ણ વસ્તુઓ માટેના પાત્રમાં ફેંકી દો અને નવી Fasenra પેનનો ઉપયોગ કરો.

દરેક Fasenra પેનમાં Fasenra નો 1 ડોઝ હોય છે જે ફક્ત એક જ વખત ઉપયોગ માટે છે.

Fasenra અને બધી દવાઓ બાળકોની નજર અને પહોંચથી દૂર રાખો.


## તમારા Fasenra પેનનો ઉપયોગ કરવા માટેની સૂચનાઓ

જ્યાં સુધી તમે આ સૂચનાઓના પગલા 6 પર ન પહોંચો અને Fasenra ઈન્જેક્શન લેવા માટે તૈયાર ન થાઓ ત્યાં સુધી કેપ દૂર **કરશો નહીં**.



## પગલું 1 - પુરવઠો એકત્રિત કરો

- રેફ્રિજરેટરમાંથી 1 Fasenra પેન
- 1 આલ્કોહોલ વાઈપ
- 1 રૂનું પૂમડું અથવા ગોઝ
- 1 પંચર-પ્રતિરોધક તીક્ષ્ણ વસ્તુઓ માટેનું પાત્ર.
  (પગલું 10 જુઓ - વપરાયેલ Fasenra પેનનો સુરક્ષિત રીતે નિકાલ કરો)




## પગલું 2 - તમારા Fasenra પેનનો ઉપયોગ કરવા માટે તૈયાર રહો

**સમાપ્તિ તારીખ (EXP) તપાસો. જો સમાપ્તિ તારીખ પસાર થઈ ગઈ હોય તો ઉપયોગમાં લેશો નહીં.**

**દવા લેતા પહેલા, કાર્ટનને રેફ્રિજરેટરની બહાર લગભગ 30 મિનિટ માટે મૂકીને પહેલાથી ભરેલા પેનને સામાન્ય તાપમાને 20 °C થી 25 °C સુધી પહોંચવા દો.**

Fasenra પેનને અન્ય કોઈપણ રીતે ગરમ **કરશો નહીં**. ઉદાહરણ તરીકે, તેને માઈક્રોવેવ કે ગરમ પાણીમાં ગરમ કરશો નહીં, અથવા તેને અન્ય ગરમી આપતા સ્ત્રોતોની નજીક મુકશો નહીં.

રેફ્રિજરેટરમાંથી કાઢ્યાના 14 દિવસની અંદર Fasenra નો ઉપયોગ કરો.

જ્યાં સુધી તમે પગલા 6 પર ન પહોંચો ત્યાં સુધી કેપ દૂર **કરશો નહીં**.





## પગલું 3 - પ્રવાહી તપાસો

**જોવા માટેની બારીમાંથી Fasenra પેનમાં રહેલા પ્રવાહીને જુઓ.** પ્રવાહી ચોખ્ખું અને રંગહીનથી પીળા રંગનું હોવું જોઈએ. તેમાં નાના સફેદ કણો હોઈ શકે છે.


જો પ્રવાહી ધૂંધળું હોય, ફીકુ હોય, અથવા તેમાં મોટા કણો હોય તો Fasenra ઈન્જેક્શન આપશો **નહીં**.

તમને પ્રવાહીમાં નાનો હવાનો પરપોટો દેખાઈ શકે છે. આ સામાન્ય છે. તમારે તેના વિશે કંઈ કરવાની જરૂર નથી.



## પગલું 4 - ઈન્જેક્શન આપવાની જગ્યા પસંદ કરો

ભલામણ કરેલ ઈન્જેક્શન આપવાની જગ્યા તમારી જાંઘનો આગળનો ભાગ છે. તમે તમારા પેટના નીચેના ભાગનો પણ ઉપયોગ કરી શકો છો.





### અહીં ઈન્જેક્શન ન લો:

- તમારી નાભીના આસપાસના 5 સે.મી. વિસ્તારમાં
- જ્યાં ત્વચા કોમળ, ઉઝરડાવાળી, ભીંગડાવાળી અથવા સખત હોય ત્યાં
- ડાઘ અથવા ક્ષતિગ્રસ્ત ત્વચામાં
- કપડાંની આરપાર

સંભાળ રાખનાર તમને તમારા હાથના ઉપરના ભાગમાં, જાંઘ પર અથવા પેટ પર ઈન્જેક્શન આપી શકે છે. બાહુમાં જાતે ઈન્જેક્શન આપવાનો પ્રયાસ **કરશો નહીં**.

દરેક ઈન્જેક્શન માટે, એક અલગ જગ્યા પસંદ કરો જે તમે છેલ્લે જ્યાં ઈન્જેક્શન આપ્યું હોય તેનાથી ઓછામાં ઓછું 3 સેમી દૂર હોય.

## પગલું 5 - ઈન્જેક્શનની જગ્યા સાફ કરો




તમારા હાથ સાબુ અને પાણી વડે સારી રીતે ધોઈ લો.

ઈન્જેક્શનની જગ્યા આલ્કોહોલ વાઈપ વડે ગોળાકાર ફેરવીને સાફ કરો. તેને સમાન્ય હવામાં સુકાવા દો.

ઈન્જેક્શન આપતા પહેલા સાફ કરેલા વિસ્તારને સ્પર્શ **કરશો નહીં**. સાફ કરેલી જગ્યા પંખા નીચે રાખશો નહીં કે ફૂંક **મારશો નહીં**.

## પગલું 6 - કેપ કાઢો



Fasenra પેનને એક હાથે પકડી રાખો. તમારા બીજા હાથ વડે કાળજીપૂર્વક કેપ સીધી ખેંચો.

પછીથી ફેંકી દેવા માટે કેપ બાજુ પર રાખો.

લીલા રંગનું સોય રક્ષક હવે દેખાશે. તે તમને સોયને સ્પર્શ કરવાથી રોકવા માટે છે.

તમારી આંગળી વડે સોયને સ્પર્શ કરવાનો કે સોય રક્ષક પર દબાણ કરવાનો પ્રયાસ **કરશો નહીં**.

Fasenra પેન પર કેપ પાછી મૂકવાનો પ્રયાસ **કરશો નહીં**. તમે ઈન્જેક્શન બહું વહેલું લગાવી શકો છો અથવા સોયને નુકસાન પહોંચાડી શકો છો.


કેપ દૂર કર્યા પછી તરત જ નીચેના પગલાં પૂર્ણ કરો.

## પગલું 7 - Fasenra ઈન્જેક્ટ કરો

ઈન્જેક્શન કેવી રીતે આપવું તે અંગે તમારા આરોગ્યસંભાળ પ્રદાતાની સૂચનાઓનું પાલન કરો. તમે ઈન્જેક્શન સાઈટ પર હળવી ચપટીમાં લઈને અથવા ત્વચાને ચપટીમાં લીધા વિના ઈન્જેક્શન આપી શકો છો.


આકૃતિઓ **a, b, c** અને **d**-માં આપેલા પગલાંને અનુસરીને Fasenra ઈન્જેક્ટ કરો.

સમગ્ર ઈન્જેક્શન દરમ્યાન Fasenra પેનને તેના સ્થાને પકડી રાખો.
ઈન્જેક્શન શરૂ થયા પછી Fasenra પેનની સ્થિતિ બદલશો **નહીં**.





A

**ઈન્જેક્શનની જગ્યા પર Fasenra પેન મૂકો.**
Fasenra પેનના સોય રક્ષકને તમારી ત્વચા સામે સપાટ (90-ડિગ્રીના ખૂણા પર) મૂકો. ખાતરી કરો કે તમે જોવા માટેની બારીમાંથી જોઈ શકો છો.




B

**મજબૂત રીતે નીચે તરફ દબાવો.**
તમને એક ક્લિક સંભળાશે. એક **'ક્લિક'** તમને કહે છે કે ઈન્જેક્શન શરૂ થઈ ગયું છે. ઈન્જેક્શન દરમિયાન લીલા રંગનું પ્લંજર જોવા માટેની બારીમાંથી નીચે ખસશે.




C

**15 સેકન્ડ માટે મજબૂતીથી નીચે દબાવી રાખો.**
તમને બીજી વાર **'ક્લિક'**નો અવાજ સંભળાશે. બીજો ક્લિક અવાજ તમને જણાવે છે કે ઈન્જેક્શન પૂર્ણ થઈ ગયું છે. લીલા રંગનું પ્લંજર જોવા માટેની બારી ભરી દેશે.



D


**Fasenra પેનને સીધું ઉપર તરફ ઉપાડો.**
સોય રક્ષક નીચે સરકશે અને સોયની ઉપરની જગ્યા લોક થઈ જશે.

## પગલું 8 - જોવા માટેની બારી તપાસો


બધુ પ્રવાહી ઈન્જેક્ટ થઈ ગયું છે તેની ખાતરી કરવા માટે જોવા માટેની બારી તપાસો.

જો લીલા રંગના પ્લંજરથી જોવા માટેની બારી ન ભરાઈ હોય, તો તમને સંપૂર્ણ ડોઝ મળ્યો ન પણ હોય શકે. જો આવું થાય અથવા તમને અન્ય કોઈ ચિંતા હોય, તો તમારા આરોગ્યસંભાળ પ્રદાતાને કૉલ કરો.


ઈન્જેક્શન આપ્યા પહેલાં



ઈન્જેક્શન આપ્યા પછી



## પગલું 9 - ઈન્જેક્શનની જગ્યા તપાસો



જ્યાં તમે ઈન્જેક્શન આપ્યું હોય ત્યાં થોડી માત્રામાં લોહી અથવા પ્રવાહી હોઈ શકે છે. આ સામાન્ય છે.

રક્તસ્ત્રાવ બંધ ન થાય ત્યાં સુધી તમારી ત્વચા પર રૂનું પૂમડું અથવા ગોઝથી હળવેથી દબાવી પકડી રાખો.

ઈન્જેક્શનની જગ્યા પર ઘસશો **નહીં**.

જો જરૂર પડે તો, ઈન્જેક્શનની જગ્યાને નાની પટ્ટી વડે ઢાંકી દો.

## (પગલું 10 જુઓ - વપરાયેલ Fasenra પેનનો સુરક્ષિત રીતે નિકાલ કરો)



- દરેક Fasenra પેનમાં Fasenraનો એક જ ડોઝ હોય છે અને **તેનો ફરીથી ઉપયોગ કરી શકાતો નથી.**
- ઉપયોગ કર્યા પછી તરત જ તમારી વપરાયેલી Fasenra પેનને પંચર-પ્રતિરોધક **તીક્ષ્ણ વસ્તુઓ માટેના પાત્રમાં** મૂકો.

તમારા ઘરગથ્થુ કચરામાં Fasenra પેન **ફેંકશો નહીં**.

તમારા ઘરગથ્થુ કચરામાં કેપ અને અન્ય વપરાયેલી વસ્તુઓ ફેંકી દો.

## નિકાલ માર્ગદર્શિકા

તમારા આરોગ્યસંભાળ પ્રદાતા અથવા ફાર્માસિસ્ટ દ્વારા સૂચના મુજબ સંપૂર્ણ પાત્રનો નિકાલ કરો. તમારા દ્વારા વપરાયેલા તીક્ષ્ણ વસ્તુઓ માટેના પાત્રને રિસાયકલ **કરશો નહીં**.

# તમારી Fasenra® (benralizumab) ગંભીર અસ્થમા સારવાર યોજના

Fasenra સાથેની સારવાર દરમિયાન તમારા સારવાર સમયપત્રક, લક્ષણોમાં ફેરફાર અને તમારી એકંદર પ્રગતિનો ટ્રેક રાખવા માટે આ વિભાગનો ઉપયોગ કરો.

નામ:

ડૉક્ટર/નર્સનું નામ:

## Fasenra તમારા માટે કેટલી સારી રીતે કામ કરી રહ્યું છે તે ટ્રેક કરવું

**કૃપા કરીને તમારા ડૉક્ટર/નર્સ ની મદદથી આ વિભાગ ભરો**

**તમારા અસ્થમાના લક્ષણોને હળવા કરવામાં મદદ કરવા માટે, તમારા ડૉક્ટરે Fasenra સૂચવ્યું છે.**

આ સારવાર તમને ઈન્જેક્શન દ્વારા આપવામાં આવે છે તેથી તે ભૂતકાળમાં ઉપયોગમાં લીધેલી અન્ય અસ્થમાની દવાઓ કરતાં અલગ હોઈ શકે છે. આ વિભાગ તમારી સારવાર દરમ્યાન તમને મદદ કરવા માટે રચાયેલ છે.

જ્યાં સુધી તમને અલગ રીતે કહેવામાં ન આવ્યું હોય, ત્યાં સુધી તમારી સારવાર પહેલા ત્રણ ઈન્જેક્શન માટે દર ચાર અઠવાડિયે અને પછી દર આઠ અઠવાડિયે એકવાર આપવામાં આવશે. તમારા ડૉક્ટરે તમારા માટે સૂચવેલી અન્ય કોઈપણ અસ્થમા સારવાર (ઈન્હેલર્સ/ટેબ્લેટ્સ) લેતા રહેવું મહત્વપૂર્ણ છે.

*દરેક એપોઈન્ટમેન્ટ પહેલાં, કૃપા કરીને પૃષ્ઠ 15 અને 16 પર આપેલ **'લક્ષણ ટ્રેકર'** પૂર્ણ કરો. તમારા ડૉક્ટર અથવા નર્સને તમારી સારવાર કેવી રીતે ચાલી રહી છે તે સમજવામાં મદદ કરવા માટે દરેક એપોઈન્ટમેન્ટમાં આ પુસ્તિકા તમારી સાથે લાવો.*

જેમ જેમ તમે Fasenra થી સારવાર શરૂ કરો છો, તેમ તેમ પૃષ્ઠ 17 પર તમારા ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યોની નોંધ લેવાથી પણ મદદ મળી શકે છે, અને પછી જુઓ કે તમે કેટલા પ્રાપ્ત કરી શકો છો.

# તમારી અસ્થમા સારવાર યોજના

| Fasenra | પહેલા 3 ઈન્જેક્શન દર 4 અઠવાડિયે, પછી ત્યારબાદ દર 8 અઠવાડિયે |
|---|---|

## તમારી દૈનિક દવાઓ

નીચેની હરોળોમાં તમારી દરેક દૈનિક અસ્થમાની દવાઓની યાદી બનાવો:

| દવા | દૈનિક ડોઝ દા.ત. ઈન્હેલેશન અથવા ગોળીઓની સંખ્યા |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

## તમારું બ્લુ રંગનું ઈન્હેલર (જો તમારી પાસે હોય તો)

તમારા અસ્થમાના લક્ષણોના આધારે તમે તમારું બ્લુ રંગનું ઈન્હેલર વધુ કે ઓછું લઈ રહ્યા હોઈ શકો છો, તેથી કૃપા કરીને તમારો તાજેતરનો ડોઝ લખો:

| દવા | ડોઝ દા.ત. ઈન્હેલેશનની સંખ્યા | લક્ષણોમાં સુધારો થાય ત્યાં સુધી કેટલો સમય લાગે છે? |
|---|---|---|
| | | |
| | | |

**જો તમને અસ્થમાનો હુમલો આવે, તો તાત્કાલિક તબીબી સલાહ લો, 999 પર કૉલ કરો અને તમારા વ્યક્તિગત અસ્થમા કાર્ય યોજનાને અનુસરો.**

# સુધારાઓનો ટ્રેક રાખવો

**તમારા ડૉક્ટર અથવા નર્સને સારવારમાં તમારી પ્રગતિ પર નજર રાખવામાં મદદ કરવા માટે, તમારા અસ્થમાના લક્ષણોમાં થયેલા ફેરફારોની નોંધ લેવી એ એક સારો વિચાર છે.**

નીચેની શીટ પૂર્ણ કરવાથી તમને Fasenra સારવાર શરૂ કરતા પહેલા કેવું લાગ્યું તેનો ચોક્કસ રેકોર્ડ મળશે. તમારી Fasenra સારવાર દરમિયાનની એન્ટ્રીઓ સાથે આ માહિતીની સરખામણી કરીને તમે જોઈ શકશો કે તમારા લક્ષણો હળવા થઈ રહ્યા છે કે નહીં અને તમે રોજિંદી પ્રવૃત્તિઓ કરી શકો છો કે નહીં કે જે તમને પહેલાં ખૂબ મુશ્કેલ લાગતી હતી.

# Fasenra શરૂ કરતા પહેલા તમારા અસ્થમાની ઝાંખી

| | |
|---|---|
| **તમે તમારા અસ્થમાના લક્ષણોને કેવી રીતે રેટ કરશો?**<br>1-5 સુધી જ્યાં 1 'સારું' દર્શાવે છે, 5 'ખરાબ' દર્શાવે છે | |
| **તમારા લક્ષણો તમારી ઊંઘ પર કેટલી વાર અસર કરે છે?**<br>1-5 થી જ્યાં 1 'ભાગ્યે જ' દર્શાવે છે, 5 'દરરોજ રાત્રે' દર્શાવે છે | |
| **તમારે અઠવાડિયામાં કેટલી વાર તમારા રિલીવર ઈન્હેલરનો ઉપયોગ કરવાની જરૂર પડે છે?** | |
| **છેલ્લા 6 મહિનામાં તમને કેટલા અસ્થમાના હુમલા આવ્યા છે?** | |
| **તમે મ્હોં વાટે લેવાતી સ્ટીરોઈડ ગોળીઓના છેલ્લા 6 મહિનામાં કેટલા કોર્સ લીધા છે?** | |
| **છેલ્લા 6 મહિનામાં, તમારા અસ્થમાની સ્થિતિ વધુ ખરાબ થવાને કારણે તમારે કેટલી વાર હોસ્પિટલમાં જવું પડ્યું?** | |
| **શું તમને સારવારની કોઈ આડઅસર છે?**<br>હા કે ના | |
| જો **હા**, તો તેઓ કઈ છે? | |
| **શું એવી કોઈ દૈનિક પ્રવૃત્તિઓ છે જે તમે કરી શકતા નથી?** | |
| જો **હા**, તો તેઓ કઈ છે? | |

**જેમ જેમ તમારી સારવાર આગળ વધે છે, તેમ તેમ કંઈ બદલાયું છે કે નહીં તે જોવા માટે પાછા આ પૃષ્ઠનો સંદર્ભ લો.**

# Fasenra સારવાર દરમિયાન તમારા અસ્થમાની ઝાંખી

| ઈન્જેક્શન નંબર | 2<br>તારીખ:................ | 3<br>તારીખ:................ | 4<br>તારીખ:................ |
|---|---|---|---|
| **તમારા છેલ્લા Fasenra ઈન્જેક્શન પછી:**<br>**તમે તમારા અસ્થમાના લક્ષણોને કેવી રીતે રેટ કરશો?**<br>1-5 સુધી જ્યાં 1 'સારું' દર્શાવે છે, 5 'ખરાબ' દર્શાવે છે | | | |
| **તમારા લક્ષણો તમારી ઊંઘ પર કેટલી વાર અસર કરે છે?**<br>1-5 થી જ્યાં 1 'ભાગ્યે જ' દર્શાવે છે, 5 'દરરોજ રાત્રે' દર્શાવે છે | | | |
| **તમારે અઠવાડિયામાં કેટલી વાર તમારા રિલીવર ઈન્હેલરનો ઉપયોગ કરવાની જરૂર છે?** | | | |
| **તમને કેટલા અસ્થમાના હુમલા આવ્યા છે?** | | | |
| **તમે મ્હોં વાટે લેવામાં આવતી સ્ટીરોઈડ ગોળીઓના કેટલા કોર્સ કર્યા છે?** | | | |
| **તમારા અસ્થમાની સ્થિતિ વધુ ખરાબ થવાને કારણે તમારે કેટલી વાર હોસ્પિટલમાં જવું પડ્યું?** | | | |
| **શું તમને સારવારની કોઈ આડઅસર છે?**<br>**હા** કે ના<br>જો **હા**, તો તેઓ કઈ છે? | | | |
| **શું એવી કોઈ દૈનિક પ્રવૃત્તિઓ છે જે તમે હમણાં કરી શકતા નથી/કરી શકો છો?**<br>હા કે ના<br>જો **હા**, તો તેઓ કઈ છે? | | | |

# Fasenra સારવાર દરમિયાન તમારા અસ્થમાની ઝાંખી

| ઈન્જેક્શન નંબર | 5<br>તારીખ:................ | 6<br>તારીખ:................ | 7<br>તારીખ:................ | 8<br>તારીખ:................ |
|---|---|---|---|---|
| **તમારા છેલ્લા Fasenra ઈન્જેક્શન પછી:**<br>**તમે તમારા અસ્થમાના લક્ષણોને કેવી રીતે રેટ કરશો?**<br>1-5 સુધી જ્યાં 1 'સારું' દર્શાવે છે, 5 'ખરાબ' દર્શાવે છે | | | | |
| **તમારા લક્ષણો તમારી ઊંઘ પર કેટલી વાર અસર કરે છે?**<br>1-5 થી જ્યાં 1 'ભાગ્યે જ' દર્શાવે છે, 5 'દરરોજ રાત્રે' દર્શાવે છે | | | | |
| **તમને અઠવાડિયામાં કેટલી વાર રિલીવર ઈન્હેલરનો ઉપયોગ કરવાની જરૂર પડે છે?** | | | | |
| **તમને કેટલા અસ્થમાના હુમલા આવ્યા છે?** | | | | |
| **તમે મૌ વાટે લેવાતી સ્ટીરોઈડ ગોળીઓના કેટલા કોર્સ લીધા છે?** | | | | |
| **તમારા અસ્થમાની સ્થિતિ વધુ ખરાબ થવાને કારણે તમારે કેટલી વાર હોસ્પિટલમાં જવું પડ્યું?** | | | | |
| **શું તમને સારવારની કોઈ આડઅસર છે?**<br>**હા** કે ના | | | | |
| જો **હા**, તો તેઓ કઈ છે? | | | | |
| **શું એવી કોઈ દૈનિક પ્રવૃત્તિઓ છે જે તમે હમણાં કરી શકતા નથી/કરી શકો છો?**<br>હા કે ના | | | | |
| જો **હા**, તો તેઓ કઈ છે? | | | | |

# મારા લક્ષ્યો

## તમે એવું શું કરવા માંગો છો જે કરવાથી તમારો અસ્થમા તમને રોકી રહ્યો છે?

આ વિભાગનો હેતુ Fasenra સારવાર શરૂ કર્યા પછી તમારે તમારા ટૂંકા ગાળાના લક્ષ્યોને રેકોર્ડ કરવાનો છે. તમારા અસ્થમાને કારણે તમને જે રોજિંદી પ્રવૃત્તિમાં મુશ્કેલી પડી રહી છે તેના વિશે વિચારો, ઉદાહરણ તરીકે, દુકાનો સુધી એકલા ચાલવું.

### મારા ટૂંકા ગાળાના ધ્યેયો

**(ઉદાહરણ: દુકાનો સુધી ચાલવું, ઘરનું થોડું કામ કરવું, ઉભા રહીને રસોઈ બનાવવી)**

........................................................

........................................................

........................................................

**કૃપા કરીને તમારા ડૉક્ટર/નર્સ ની મદદથી આ પૃષ્ઠ પૂર્ણ કરો**

## છેલ્લા કેટલાક મહિનામાં તમે શું હાંસલ કર્યું છે તે વિશે વિચારીને, આગામી થોડા મહિનામાં તમે શું હાંસલ કરવા માંગો છો?

આ વિભાગમાં, તમે કોઈપણ મોટી પ્રવૃત્તિઓ રેકોર્ડ કરી શકો છો જે તમને તમારા અસ્થમાને કારણે અગાઉ કરવામાં મુશ્કેલ લાગી હોય અથવા ટાળી હોય.

### મારા લાંબા ગાળાના ધ્યેયો

**(ઉદાહરણ: સપ્તાહના અંતે બહાર ફરવા જવાનો આનંદ માણવો, પાર્કની આસપાસ ટૂંકા અંતરની સાયકલ સવારી પર જવું, મારા બાળકો/પૌત્રો સાથે રમવું)**

........................................................

........................................................

........................................................

દર વખતે જ્યારે તમે તમારા ડૉક્ટર/નર્સ સાથે એપોઈન્ટમેન્ટ લો, ત્યારે તમે શું હાંસલ કર્યું છે તે જુઓ અને તમે જે પ્રગતિ કરી રહ્યા છો તે તેમને બતાવવા માટે તેને ટિક કરો.

# શક્ય આડઅસરો વિશે માહિતી

**બધી દવાઓની જેમ, શક્ય છે કે તમે Fasenra સારવારથી કેટલીક આડઅસર અનુભવી શકો, પરંતુ દરેક વ્યક્તિ સાથે આવું થતું નથી.**

સામાન્ય આડઅસરો, જે 10 માંથી 1 અસ્થમાના દર્દીઓને અસર કરી શકે છે, તેમાં શામેલ છે:

- માથાનો દુખાવો
- ફેરીન્જાઈટિસ (ગળામાં દુખાવો)
- તાવ (ઉચ્ચ તાપમાન)
- ઈન્જેક્શનની જગ્યા પર પ્રતિક્રિયા (દા.ત., ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું તેની બાજુમાં દુખાવો, લાલાશ, ખંજવાળ, સોજો)

**જો તમને કોઈ આડઅસરો થાય તો કૃપા કરીને તમારા ડૉક્ટર, નર્સ અથવા ફાર્માસિસ્ટ સાથે વાત કરો.**

**કેટલાક લોકોને એલર્જીક પ્રતિક્રિયાઓ થઈ શકે છે.**

આ પ્રતિક્રિયાઓ સામાન્ય છે (તે 10 માંથી 1 વ્યક્તિને અસર કરી શકે છે)
લક્ષણોમાં સામાન્ય રીતે શામેલ છે:

- શિળસ
- ફોલ્લી

કેટલાક કિસ્સાઓમાં, દર્દીઓને એનાફિલેક્સિસ તરીકે ઓળખાતી ગંભીર એલર્જીક પ્રતિક્રિયાનો અનુભવ થઈ શકે છે. જોકે, ઉપલબ્ધ ડેટા દ્વારા આવર્તન નક્કી કરી શકાતું નથી.
લક્ષણોમાં સામાન્ય રીતે શામેલ છે:

- તમારા ચહેરા, જીભ અથવા મોં પર સોજો આવવો
- શ્વાસ લેવામાં તકલીફ
- બેભાન થવું, ચક્કર આવવા, બેભાન થવા જેવું લાગવું (બ્લડ પ્રેશરમાં ઘટાડો થવાને કારણે)

**જો તમને લાગે કે તમને કદાચ એલર્જીક પ્રતિક્રિયા થઈ રહી છે, તો તાત્કાલિક તબીબી સહાય મેળવો. આવી પ્રતિક્રિયાઓ ઈન્જેક્શન પછીના કલાકો અથવા દિવસોમાં થઈ શકે છે.**

સંભવિત આડઅસરો વિશે વધુ માહિતી માટે કૃપા કરીને Fasenra પેકમાં આપેલ દર્દી માહિતી પત્રિકાનો સંદર્ભ લો.

# સહાય અને સલાહ માટે ક્યાં જવું

**તમારા ડૉક્ટર અથવા નર્સની મદદથી આ ભરો:**

ડૉક્ટર/નર્સનું નામ:

સંપર્ક વિગતો:

નોંધો:

### આડઅસરોની જાણ કરવી

જો તમને કોઈ પણ આડઅસરો થાય, તો તમારાં ડૉક્ટર, ફાર્માસિસ્ટ અથવા નર્સ સાથે વાત કરો. આમાં પેકેજ પત્રિકામાં સૂચિબદ્ધ ન હોય તેવી કોઈપણ સંભવિત આડઅસરો શામેલ છે.

તમે સીધા જ યલો કાર્ડ યોજના દ્વારા અહીં પણ આડઅસરોની જાણ કરી શકો છો: **www.mhra.gov.uk/yellowcard**

આડઅસરોની જાણ કરીને તમે આ દવાની સલામતી અંગે વધુ માહિતી પ્રદાન કરવામાં મદદ કરી શકો છો.

Fasenra® 360°

## તમારી સારવાર યાત્રામાં સતત સહાય

**દર્દી હોટલાઈન:**
**08004 700329**

સોમવાર-શુક્રવાર સવારે 8 થી સાંજે 6 વાગ્યા સુધી | શનિવાર સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી
કામકાજના કલાકો સિવાય કૃપા કરીને તમારા ડૉક્ટર, નર્સ અથવા ફાર્માસિસ્ટનો સંપર્ક કરો, અથવા કટોકટીની સ્થિતિમાં 999 પર કૉલ કરો.

આના દ્વારા ઉત્પાદિત અને ભંડોળ પૂરું પાડવામાં આવેલ:
AstraZeneca